| Publication | Vadodara Samachar | Date | 26/09/2011 |
|---|---|---|---|
| Edition | Vadodara | Page | 4th |

The Pajero HIM rally participants experienced 45 kms of intense off-road and highly challenging driving conditions through rugged terrains including dirt roads, mud and slush patches, up-hill and downhill gradients etc. The rally started from Akota and passed through R C Dutt Road, Bird Circle, Gotri Road and Sevasi to reach the ravines of river Mahi in Jaspur. Yoshiaki Wada said, "Pajero has attained a cult status across the world with its owners forming Pajero clubs and groups in large numbers.We will organize similar rallies in Pune, Coimbatore and Bengaluru in coming month

# મિત્સુબીશી પજેરો હાર્ટ ઇન માઉથ રેલી જોઇને આશ્ચર્ય ચકિત થઇ ગયેલા નગરજનો

વડોદરા, તા.૨૫

જગતમાં જાણીતી મિત્સુબીશી પજેરોને ખાડા ટેકરાવાળા, અણઘડ અને અઘરાં રસ્તાઓ પર દોડાવવાની સરળતા, કુશળતા અને સાહસિકતાથી આજે વાહન નિષ્ણાતો, ચાહકો અને.નાગરિકો આશ્ચર્ય ચકિત થઇ ગયાં હતા. ગુજરાતનાં ઉદ્યોગ કેન્દ્ર, વડોદરામાં પજેરોના પ્રબળ પ્રેમી જેવા માલિકોએ તેમના પ્રિય વાહનોના અદ્દભુત ગુણોનું હાર્ટ ઇન-માઉથ (એચઆઇએમ) રેલીમાં રોમાંચક અને હેરત અંગેજ નિદર્શન કર્યું હતુ. એચએમ- મિત્સુબીશીના માર્કેટીંગ વડાની યોશિઆકી વાડાએ રેલીને પ્રસ્થાન કરાવ્યું હતું.

હિન્દુસ્તાન મોટર્સ - મિત્સુબીશીની ખૂબ જ ખ્યાતનામ બનેલી પજેરો હાર્ટ- ઇન-માઉથ રેલીની લુધીયાણા અને દિલ્હી પછીની ત્રીજી કડી આજે વડોદરામાં યોજાઇ હતી જેમાં વડોદરા અને અમદાવાદ તેમજ આસપાસના ૨૫થી વધુ પજેરો ચાહક માલિકોએ ભાગ લીધો હતો અને અઘરાં, ભંગાર અને પડકારજનક રસ્તાઓ પર આ રૂપાળાં પરંતુ ખડતલ સ્પોર્ટસ યુટીલીટી વેહીકલ (એસયુવી)ની અદ્દભુત ચાલન ક્ષમતાનો નજારો પ્રસ્તુત કર્યો હતો. આ હિમ્મતબાજોએ તેમની વિશ્વસનીય પજેરોને ૪૫ કિમીનાં ધૂળીયા, કાદવીયા, ઉતાર-ચઢાવવાળા, ખાડાગ્રસ્ત રસ્તાઓ જેમાં મહિસાગરની ખીણોનો સમાવેશ થતો હતો, તેના પર રેવાલ ચાલે દોડાવી હતી અને આ વાહનની ગમે તેવી માર્ગ પરિસ્થિતિઓમાં અણનમ અને સુરક્ષિત રહેવાની ક્ષમતાને પુરવાર કરી હતી. રેલીનો પ્રારંભ અકોટાથી થયો હતો અને મહિ નદીના જાસપુર ખાતેના કોતરોમાં તેનું સમાપન થયું હતું. પજેરો ચાલકો ભાયલી થઇને પાછાં ફર્યા હતા.

ઉલ્લેખનીય છે કે ભારતમાં સહુથી જુની અને મલ્ટી-બીલીયન-ડોલર્સનો કારોબાર ધરાવતી સી.કે.

(અનુસંધાન પાન..૨ ઉપર)